# પ્રસાદ નં. ૩૦૮

## ઉત્તમ ક્ષમા ધર્મ
## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૪, બુધવાર)

આજથી દશ લક્ષણ ધર્મના દિવસો શરૂ થાય છે. અનાદિ સનાતન વીતરાગ જૈન દર્શનને વિષે પર્યુષણ આજથી શરૂ થાય છે. જૈન ધર્મ નિર્ગ્રંથ ધર્મ કહેવાય છે, વીતરાગી મુનિ નિર્ગ્રંથ હોય છે. તે મુનિને ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો હોય છે. વીતરાગ માર્ગ ચારિત્રપ્રધાન છે. ચારિત્ર તે મૂળધર્મ છે, ને તે ચારિત્રધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનપૂર્વકનું ચારિત્ર તે ધર્મ છે. તે ધર્મ સમ્યગ્દર્શન વિના ન હોય માટે ``ધર્મનું મૂળ સમ્યગ્દર્શન'' કહ્યું છે. જેમ ઝાડ મૂળિયા વગર ન હોય, તેમ ચારિત્રરૂપી ઝાડ સમ્યગ્દર્શન વગર ન હોય. સમ્યગ્દર્શન પછી અંતરમાં આનંદના અનુભવમાં લીન થતાં ચારિત્રધર્મ પ્રગટે છે. તે ચારિત્રધર્મના ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકાર હોય છે.

આ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઘણો જૂનો છે. લગભગ બે હજાર વર્ષ પહેલાં કાર્તિકેયસ્વામી નામના મહાવૈરાગી દિગંબર સંતે તે રચ્યો છે; દ્રવ્યદ્રષ્ટિપૂર્વકની બાર વૈરાગ્ય ભાવનાનું આ ગ્રંથમાં ઉત્તમ વર્ણન છે, તેમાં ધર્મ ભાવનામાં દશ લક્ષણધર્મનું વર્ણન છે, તે વંચાય છે.

ઉત્તમ ક્ષમા કોને કહે છે, તે પ્રથમ કહે છે :

### ગાથા-૩૯૪

ચૈતન્ય સ્વભાવના ભાનપૂર્વક અને જગતના માન-આબરૂની દરકાર વગર સ્વભાવથી જે ક્ષમાનો વીતરાગભાવ રહે તેનું નામ ઉત્તમ ક્ષમા છે. ઉત્તમ ક્ષમા સમ્યગ્દર્શનપૂર્વક જ હોય. જગતમાં માન-આબરૂ-મોટાઈ ખાતર ક્ષમા રાખે તે ઉત્તમ ક્ષમા નથી. મુખ્યપણે મુનિને ઉત્તમ ક્ષમા હોય છે ને પેટામાં ધર્મી શ્રાવકો પણ આવી જાય છે.

દેવ-મનુષ્ય-તિર્યંચ વગેરે દ્વારા રૌદ્ર-ભયાનક-ઘોર ઉપસર્ગ કરવામાં આવે તોપણ જે મુનિ ક્રોધથી તપ્તાયમાન થતા નથી તે મુનિને નિર્મળ ક્ષમા હોય છે.

નારકી તો અહીં મુનિને ઉપસર્ગ કરવા આવતા નથી, દેવ-મનુષ્ય-પશુ અને અચેતન એ ચાર કૃત ઉપસર્ગ મુનિને હોય છે.

નરકમાં એક નારકી બીજાને દુઃખ આપે, પણ ત્યાં મુનિ હોતા નથી. દેવ આવીને દુઃખ આપે, પ્રતિકૂળતા કરે, મનુષ્ય આવીને ઉપસર્ગ કરે, પશુ, સિંહ, વાઘ આવીને ખાઈ જાય, વરસાદ-તડકા પડે, શિકારીની ગોળી લાગે, છતાં જે ધીર ગંભીર મુનિને આત્માની લીનતાને લીધે ક્રોધ થતો નથી, તેને અંદર ઉત્તમ ક્ષમા છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે :–

"બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો."

અહો! તીવ્ર પ્રતિકૂળ સંયોગ હો કે અનુકૂળ સંયોગ હો, પણ ચૈતન્ય જ્ઞાતા સ્વભાવમાં રહેતા ક્રોધની ઉત્પત્તિ જ ન થાય, તેનું નામ ઉત્તમ ક્ષમા છે. પોતાનો કાંઈ દોષ ન હોય, ને સામો જીવ બિનજરૂરી ક્રોધ કરે છતાં ધર્માત્મા મુનિ ક્ષમા કરે, ચક્રી આવીને ચરણોમાં નમે છતાં મુનિને માન ન થાય, પોતે બિનગુન્હેગાર હોય છતાં સામો આવીને ક્રોધ કરે, ગાળ દે, કે મારે, તોપણ મુનિ ક્રોધ ન કરે; અંદર સહજ વીતરાગભાવને લીધે ક્રોધ જ ન થાય, તેનું નામ ઉત્તમ ક્ષમા છે.

શત્રુંજય ઉપર મુનિદશામાં પાંડવોને ઘોર ઉપસર્ગ પડ્યો છતાં તેમણે આવી ઉત્તમ ક્ષમા કરી. જ્યારે તે પાંચ પાંડવ મુનિઓ શત્રુંજય ઉપર ધ્યાનમાં ઊભા હતા ત્યારે દુર્યોધનના ભાણેજે તેમને ઘોર ઉપસર્ગ કર્યો. લોઢાના ધગધગતા દાગીના બનાવરાવીને તેમને પહેરાવ્યા. તેને લીધે તેમનું શરીર સળગવા માંડ્યું, તે વખતે તે મુનિઓ ધારે તો ક્ષણમાત્રમાં સામા દુશ્મનને જીતી લ્યે તેવું તેમનામાં સામર્થ્ય હતું, છતાં અંદર ચૈતન્યના આનંદની લીનતામાં ક્રોધની ઉત્પત્તિ જ ન થઈ. શ્રી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણ મુનિવરોએ તો એવી ઉત્તમ ક્ષમા રાખી કે પાસે ઊભેલા મુનિઓનું શું થાય છે તેવો વિકલ્પ પણ ન ઉઠ્યો, ને અંદર ચૈતન્યના આનંદના અનુભવમાં લીન થઈને ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા ! તથા બીજા બે મુનિઓને સ્હેજ એવો વિકલ્પ આવ્યો કે "બીજા મુનિઓનું શું થતું હશે?" પોતાને તો દેહની મમતા નથી પણ બીજા મુનિ પ્રત્યેનો તેવો પ્રશસ્ત વિકલ્પ આવી ગયો એટલે તે દેવલોકમાં ગયા. એ રીતે મનુષ્યકૃત ઘોર ઉપસર્ગ સહન કરીને તે પાંચે પાંડવ મુનિવરોએ ઉત્તમ ક્ષમા ધારણ કરી.

(એ પ્રમાણે ઉત્તમ ક્ષમાનાં બીજા પણ અનેક દ્રષ્ટાંતો છે, તે સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં જોઈ લેવા.)

ગૃહસ્થ ધર્માત્માને પણ આત્મભાનપૂર્વક અંશે વીતરાગી ક્ષમાભાવ હોય છે; જેટલે અંશે ક્રોધની ઉત્પત્તિ જ ન થાય તેટલે અંશે ધર્મીને ઉત્તમ ક્ષમા છે.

કોઈ પોતાની નિંદા કરે, ગાળ દે, તો ત્યાં ક્રોધ ન કરે પણ ક્ષમાભાવથી એમ વિચારે કે જો મારામાં તેવો દોષ હોય અને તે કહેતો હોય તો તેમાં તેણે ખોટું શું કહ્યું? મારામાં દોષ હોય તો તે મારે ટાળવા જોઈએ અને જો મારામાં તેવો દોષ ન હોવા છતાં તે મિથ્યા કહેતો હોય તો તે બિચારો તેના અજ્ઞાનથી કહે છે. અજ્ઞાની ઉપર ક્રોધ શા માટે કરવો? ઇત્યાદિ પ્રકારે ચિંતવનથી જે ક્ષમાભાવ રાખે તેમાં જે શુભરાગ છે તે વ્યવહાર ક્ષમા છે. તે તો પુણ્યબંધનું કારણ છે ને જે આત્મભાન સહિત વીતરાગભાવ છે તે નિર્મળ ક્ષમા છે. તે ધર્મ છે. પોતાને આત્માના ભાન સહિત તેવી ઉત્તમ ક્ષમાની ભાવનાનો આજે દિવસ છે.

*   *   *   *   *

# <u>પ્રસાદ નં. ૩૦૯</u>

## <u>ઉત્તમ માર્દવ ધર્મ</u>
## <u>(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)</u>

(ભાદરવા સુદ ૫, ગુરુવાર)

આજે દશલક્ષણી ધર્મનો બીજો દિવસ છે. નિર્ગ્રંથ મુનિઓના ચારિત્રધર્મના ઉત્તમક્ષમાદિ દશ પ્રકાર છે. તેનું અહીં વર્ણન ચાલે છે. શ્રી કાર્તિકેયસ્વામી ઉત્તમ માર્દવ ધર્મ એટલે કે ઉત્તમ નિર્માનતાનું વર્ણન કરે છે :–

<u>(શ્લોક ૩૯૫)</u>

આ મુખ્યપણે મુનિના ધર્મનું વર્ણન છે.

મુનિમાર્ગ કેવો હોય તેને ઓળખવો તે પણ સમ્યગ્દર્શન-જ્ઞાનનું કારણ છે. મુનિને દેહમાં કે રાગાદિમાં અહંપણું હોતું નથી. દેહમાં કે રાગાદિમાં જેને અહંપણું આવે તેને આખા ચૈતન્ય પરમાત્મસ્વભાવનું બહુમાન રહેતું નથી. ધર્મી પોતાના ચૈતન્ય સ્વભાવથી કોઈપણ વિકારને કે પરને અધિક માનતો નથી એટલે તેને અહંકાર થતો નથી. જ્ઞાનનો ઉઘાડ હોય તેનું પણ બહુમાન નથી. કડક ચારિત્ર પાળતો હોય ને ઘોર તપશ્ચર્યા કરતો હોય, વળી જ્ઞાનનો ઘણો ઉઘાડ હોય તોપણ તેનો મદ કરતા નથી. અહો ! ક્યાં પરમાત્મા સર્વજ્ઞ ! અને ક્યાં હું ? મારામાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાનું સામર્થ્ય છે તે ન પ્રગટે ત્યાં સુધી અલ્પતા છે, પામરતા છે. તેનું અભિમાન કેમ કરે ? ક્યાં કેવળજ્ઞાન ને ક્યાં મતિ-શ્રુત વગેરે જ્ઞાન ? વળી શુક્લધ્યાનના ઉગ્ર તપ પાસે મારા તપની શી ગણતરી છે ? આ પ્રમાણે નિર્માન-નિર્માન થઈને મુનિ તો અંદર ડરી ગયા છે. મુનિને જ્ઞાન અને તપ સિવાય બહારની લક્ષ્મી વગેરે તો હોય નહિ અને જ્ઞાનના ઉઘાડનું કે તપની અધિકતાનું પણ અભિમાન તેમને હોતું નથી. અહો ! હું કેવળજ્ઞાનનો સાધક. તેમાં વચ્ચે અલ્પજ્ઞતાનો અહંકાર કરીને કેમ અટકું ? નિર્માનતા કહો, વિનય કહો, મૃદુતા કહો, નરમાશ કહો કે પરિણામની કૂણાશ કહો, તે એક જ છે. એક સમયમાં પૂર્ણ પરમાત્મદશા થાય તેવી તાકાતવાળો આત્મા છે. તેની પ્રતીતિ અને અનુભવ કરનાર મુનિને પોતાના જ્ઞાન કે તપનો અહંકાર હોતો નથી. એનું નામ ઉત્તમ નિર્માનતા છે. અહો ! ચૈતન્યસ્વભાવ પરમાત્મામાં જેને 'अहं' પણું થયું છે કે હું તો પૂર્ણ ચૈતન્ય સ્વભાવ છું, ચૈતન્ય સ્વભાવ સિવાય ક્યાંય પણ બહારના વલણથી મને લાભ નથી, એમ નક્કી કરીને સ્વભાવમાં અંતર્મુખ થતાં આનંદનો અનુભવ

કરે છે, ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધને તોડે છે, તે આત્મા કર્મના બંધનને કાપીને પોતે પોતામાં જ પ્રકાશે છે. આત્માના હિતની આ જ રીત છે કે નિમિત્ત તરફનું વલણ છોડીને સ્વભાવ તરફ વલણ કરવું, માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો.

*　　*　　*　　*　　*

# પ્રસાદ નં. ૩૧૦

## ઉત્તમ આર્જવ ધર્મ

## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૬, બુધવાર)

આજે દશલક્ષણી ધર્મનો ત્રીજો દિવસ છે. આજે ઉત્તમ આર્જવ ધર્મનો દિવસ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્વભાવમાં એકાગ્રતા થઈને મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં કુટિલતાનો અભાવ તે ઉત્તમ સરળતા છે.

### ગાથા ૩૯૬

ચારિત્રધર્મના દશ પ્રકાર છે, તેમાં ત્રીજો આર્જવ ધર્મ છે. મનની, વચનની ને કાયાની સરળતામાં શુભભાવથી તો પુણ્ય બંધાય છે એમ શાસ્ત્રમાં કહે છે અને અહીં તેને આર્જવ ધર્મ કહ્યો છે. ચાર પ્રકારના સરળ પરિણામથી શુભ નામકર્મનું બંધન થાય છે, એમ કહ્યું છે ત્યાં શુભરાગની વાત છે. ને અહીં તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આશ્રયે રાગરહિત સ્થિરતા થતાં મન-વચન-કાયાની વક્રતા ન રહે તેનું નામ સરળતા છે.

મોક્ષશાસ્ત્રમાં આસ્રવનું વર્ણન કરતાં ૨૨-૨૩ મા સૂત્રમાં એમ કહે છે કે 'મન-વચન-કાયાના યોગોની કુટિલતા અર્થાત્ અસરળતા તે અશુભ નામકર્મના આસ્રવનું કારણ છે, અને મન-વચન-કાયાના યોગની સરળતા અર્થાત્ યથાર્થ પ્રવૃત્તિ તે શુભ નામકર્મના આસ્રવનું કારણ છે'. અને અહીં સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં મન-વચન-કાયાની સરળ પ્રવૃત્તિને આર્જવ ધર્મ કહ્યો છે. તો તે કઈ રીતે છે ? મન-વચન-કાયાના લક્ષની વાત નથી પણ સ્વભાવમાં એકાગ્ર થતાં મન-વચન-કાયા ઉપર લક્ષ જ ન ગયું એટલે વક્રતા રહી જ નહિ, તેનું નામ ઉત્તમ આર્જવ ધર્મ છે. તેમાં જે શુભાશુભ વિકલ્પ રહી જાય તે શુભ આસ્રવનું કારણ છે. તો પછી મન-વચન-કાયાની ક્રિયાથી ધર્મ થાય એ વાત તો ક્યાં રહી ? મન-વચન-કાયા તરફના વલણ રહિત, ચૈતન્યસ્વભાવમાં જોડાણ થતાં સહજ સરળતા થઈ જાય છે, તેનું નામ વીતરાગી આર્જવ ધર્મ છે. સ્વભાવની બહાર જ ન નીકળતું ને સ્વભાવથી વક્ર એવો વિકારભાવ થવા જ ન દેવો તેનું નામ ઉત્તમ સરળતા છે. વિકાર તે વક્રતા છે, ને આત્માનો સ્વભાવ તે આર્યતા છે, જેવો સ્વભાવ છે તેની શ્રદ્ધા કરવી તે 'દર્શન આર્ય' છે, તેનું જ્ઞાન કરવું તે 'જ્ઞાન આર્ય' છે, ને તેમાં વીતરાગી રમણતા કરવી તે 'ચારિત્ર આર્ય' છે. એવી સ્વભાવની

આર્યતામાં રહેવું તેનું નામ સરળતા છે, ને તેનાથી વિરુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તો તે વક્રતા છે. મુનિને સ્વભાવની લીનતામાં ઉત્તમ સરળતા હોય છે. ચૈતન્યસ્વભાવની અપેક્ષાએ તો શુભરાગ પણ વક્રતા છે.

જડ વચન વગેરેની ક્રિયાનો તો આત્મા કર્તા નથી પણ તે તરફનો વક્રભાવ ન થવા દેવો તેનું નામ આર્યતા છે. ને પોતાને કોઈ દોષ થયો હોય તો તે ગોપવવાનો ભાવ મુનિને ન હોય, તેનું નામ આર્જવ ધર્મ છે. અહીં એકલી બાહ્ય પ્રવૃત્તિની કે શુભ વિકલ્પની વાત નથી પણ સહજ પરમ ચૈતન્ય સ્વભાવ છે, તેના તરફ ઝૂકાવ થઈને જે વીતરાગી દશા થવી તે ઉત્તમ સરળતા ધર્મ છે. બાકી મન-વચન-કાયાની સરળતાનો વિકલ્પ તે તો શુભરાગ છે. તે વ્યવહારે સરળતા છે, પણ તે ધર્મ નથી. જેટલો રાગ તૂટીને અંદરમાં વળ્યો તેટલો આર્જવ ધર્મ છે. આવો શુદ્ધ ભાવરૂપ આર્જવ ધર્મ મુખ્યપણે મુનિઓને હોય છે.

*   *   *   *   *

# પ્રસાદ નં. ૩૧૧

## ઉત્તમ શૌચ ધર્મ
## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૭, શનિવાર)

આજ દશલક્ષણી ધર્મનો ચોથો દિવસ છે, એને ઉત્તમ શૌચ ધર્મ કહે છે. શૌચ એટલે પવિત્રતા, નિર્લોભતા, લોભરૂપી જે મેલ તેને આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે ટાળવો તેનું નામ ઉત્તમ શૌચ ધર્મ છે, તેનું વર્ણન કરે છે.

ગાથા ૩૯૭

અર્થ : સમભાવ એટલે કે રાગદ્વેષ રહિત પરિણામ, અને સંતોષ એટલે સંતુષ્ટભાવ, એવા સમભાવ અને સંતોષરૂપી જળ વડે જે મુનિ તૃષ્ણા અને લોભરૂપી મલિનતાને ધોઈ નાખે તેમ જ ભોજન વગેરેની ગૃદ્ધિથી રહિત હોય એવા મુનિનું ચિત્ત નિર્મળ હોય છે, તેને ઉત્તમ શૌચ ધર્મ કહે છે.

ચારિત્ર ધર્મના આ ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારનું વર્ણન મુખ્યપણે મુનિને ઉદ્દેશીને છે. જેને ચૈતન્યનું ભાન તો છે. ને એ ઉપરાંત અંતરસ્વરૂપમાં લીનતાથી રાગ-દ્વેષ રહિત જે સમભાવરૂપ પરિણામ છે તેનું નામ ઉત્તમ શૌચ છે. જે સમભાવ છે તે પવિત્ર જળ છે. વર્તમાનમાં સંતુષ્ટ પરિણામ હોય અને ભવિષ્યના પદાર્થોની ઇચ્છારૂપ જે લોભ તેનો અભાવ હોય, એવા પરિણામને સમભાવરૂપી જળ કહે છે. તે જળ વડે રાગ-દ્વેષ ને લોભરૂપી મેલને ધોઈ નાખવો તેનું નામ શૌચ ધર્મ છે. નદીના પાણીથી આત્માનો મેલ ન ધોવાય, પણ અંતરસ્વરૂપનાં જ્ઞાન-ધ્યાનથી નિર્મળ પરિણામરૂપી જે જળ છે તેનાથી જ આત્માનો લોભ અને મોહરૂપી મેલ ધોવાય છે.

મુનિને પોતાના દેહ ઉપર પણ લોભ નથી—મમતા નથી, વર્તમાન ભોગ પ્રત્યે આસક્તિ નથી ને ભવિષ્યના ભોગની આકાંક્ષા નથી. વર્તમાન પોતાના સ્વભાવની ભાવનામાં એકાગ્ર છે એવા મુનિને ઉત્તમ શૌચ ધર્મ છે. તેમને કનક અને કામિની પ્રત્યે લોભ નથી, તરણું અને કંચન બન્ને પ્રત્યે સમભાવ છે, લાકડું અને કામિની બન્ને સરખા છે. એવો વીતરાગીભાવ મુનિને હોય છે, તે ચારિત્ર અપેક્ષાએ શૌચ ધર્મ છે. સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને ભાન છે કે મારા આત્માનો આનંદ મારામાં જ છે, પરમાં ક્યાંય મારું સુખ નથી, એટલે તેને પણ શ્રદ્ધાપણે તો

સમભાવ છે. તેણે સમ્યક્ શ્રદ્ધાવડે મિથ્યાત્વરૂપી મેલને ધોઈ નાખ્યો છે, તેથી તેમને પણ શ્રદ્ધા અપેક્ષાએ શૌચ ધર્મ છે.

મુનિ તૃણ અને કંચન, જીવન અને મરણ ઇત્યાદિને સમાન ગણે છે એટલે કે તેમના પ્રત્યે રાગ-દ્વેષ થતા નથી, તેનું નામ સમભાવ છે, અને પોતાના ચિદાનંદ સ્વભાવમાં જ સુખ માને છે તે તૃપ્તિભાવ છે; વર્તમાનમાં મળેલા પદાર્થ-ક્ષેત્ર-કાળ કે શુભભાવ પ્રત્યે મુનિને મૂર્છા ન હોય તેમ જ ભવિષ્યનાં પદાર્થ મળે તેવી ભાવના ન હોય. મુનિને વસ્ત્રાદિ સર્વ પરિગ્રહનો તો ત્યાગ જ છે, ને નિર્દોષ આહારનું ગ્રહણ કરવાની વૃત્તિ ઊઠે તેમાં પણ મૂર્છા નથી, અંતરમાં શાંત શાંત પવિત્ર ચિદાનંદ આત્મામાં એકાગ્રતા વડે ક્યાંય લોભ-મમતાના પરિણામ થતા નથી, તેમને ઉત્તમ શૌચ ધર્મ છે. સમ્યગ્દર્શનપૂર્વકની નિર્લોભતાની વાત છે, એકલા શુભરાગની વાત નથી.

લોભ ચાર પ્રકારનો છે. તેનો મુનિને ત્યાગ હોય છે.

(૧) જીવતરનો લોભ : મુનિને એવો મમતાભાવ ન થાય કે આ દેહનું આયુષ્ય લાંબુ હોય તો ઠીક. દેહના આશ્રયે કાંઈ ધર્મ નથી પણ ચૈતન્યના આશ્રયમાં જ ધર્મ છે, એટલે મુનિને દેહની ભાવના હોતી નથી. જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા—એવી નિસ્પૃહ મુનિદશા હોય છે.

(૨) નીરોગતા રહે તો ઠીક : એવી ભાવના તે પણ લોભ છે. તેવો લોભ મુનિને હોતો નથી.

(૩) ઇન્દ્રિયો સરખી રહે તો ઠીક : એવી ભાવના તે પણ લોભ છે. ચૈતન્યમૂર્તિ આત્મા સિવાય કોઈપણ બીજા પદાર્થની ભાવના તે લોભ છે.

(૪) ઉપયોગનો લોભ : ઉપયોગમાં મનનું નિમિત્ત છે. અહીં ઉપયોગ એટલે શુભ-અશુભ ઉપયોગ; તેમાં મુનિને લોભ હોતો નથી કે આ શુભ ઉપયોગ રહે તો ઠીક.

એ રીતે દેહ, ઇન્દ્રિય અને મન તે ત્રણે તરફના વલણવાળા લોભ પરિણામ મુનિને હોતા નથી. પોતાનું શરીર સરખું રહે તેવી ભાવના તો લોભ છે ને બીજા શિષ્ય વગેરેને દેહ-મન-ઇન્દ્રિય સરખાં રહે તો ઠીક અને શુભરાગ ટકી રહે તો ઠીક—એવી ભાવના તે પણ લોભ છે, મુનિને તેવી લોભભાવના હોય નહિ, ચૈતન્યની ભાવના આડે દેહાદિની મમતાના પરિણામ જ થતા નથી તેનું નામ ઉત્તમ શૌચ ધર્મ છે.

ધર્મીને પણ ભાન છે કે દેહ-મન-વાણીના આશ્રયે કે શુભરાગના આશ્રયે મારો ધર્મ નથી. એટલે તેને તેની ભાવના થતી નથી. ધર્મીની દ્રષ્ટિમાં જીવતર વગેરેનો લોભ હોતો નથી. અસ્થિરતાનો વિકલ્પ ઊઠે, પણ તે વિકલ્પનોય સ્વામી નથી, ને મારા વિકલ્પના કારણે દેહાદિ ઠીક રહેશે એમ તે માનતો નથી. તેટલે અંશે તેને પણ ઉત્તમ શૌચ ધર્મ છે.

હું ચિદાનંદ જ્ઞાતા છું. દેહાદિ કોઈ પરદ્રવ્ય મારું નથી એવી પ્રથમ શ્રદ્ધા તો થઈ છે, ને તે ઉપરાંત ચૈતન્યમાં લીનતાથી શરીરાદિ પ્રત્યેની વૃત્તિ જ ન ઉઠે તેવી વીતરાગી મુનિદશા હોય છે. શરીર, ઇન્દ્રિય કે મન ટકે તો ઠીક પડે—એવો આસક્તિનો વિકલ્પ ઊઠે તો તે દોષ છે. એમ ધર્મી જાણે છે, એટલે જ્ઞાનીને તેની ભાવના હોતી નથી, ને મુનિને તો તેવો વિકલ્પ પણ ઊઠતો નથી. તેનું નામ શૌચ ધર્મ છે.

જુઓ તો ખરા મુનિની દશા ! વિષ્ણુકુમારને ૭૦૦ મુનિની રક્ષાનો જે શુભભાવ આવ્યો તેને તે દોષ તરીકે જાણતા હતા. તેવો રાગ આવે ત્યાં મુનિપણું રહેતું નથી. મુનિ તો વીતરાગી છે, તેને પોતાના દેહ પ્રત્યે પણ મમતા નથી; મુનિદશામાં સ્વના કે પરના જીવતરનો લોભ ન હોય. જો તેવો લોભ થાય તો ત્યાં મુનિદશાનો શૌચધર્મ રહેતો નથી. હા ! શુભ વિકલ્પ હોય ને તેને દોષ જાણે તો ત્યાં ચોથું-પાંચમું ગુણસ્થાન હોઈ શકે. મુનિને તો એટલી વીતરાગતા વધી ગઈ છે કે લોભનો તીવ્રરાગ થતો જ નથી, તેનું નામ ધર્મ છે. સાધર્મી મુનિની વૈયાવચ્ચ વગેરેની શુભવૃત્તિ ઊઠે તો તેટલી પણ ઉપયોગની મલિનતા છે—એમ મુનિ જાણે છે. મોક્ષ કરું ને ભવ ટાળું એવી વૃત્તિ ઊઠે તેને પણ લોભ કહ્યો છે. તો પછી દેહાદિનું સ્વાસ્થ્ય સારું રહે તો ઠીક એવી વૃત્તિ તો દોષ છે જ. મુનિ તેવા ભાવને સારો માનતા નથી પણ દોષ સમજે છે. જેટલી ચૈતન્યમાં એકાગ્રતાથી વીતરાગતા થઈ તેટલો ઉત્તમ શૌચ ધર્મ છે.

એ પ્રમાણે ઉત્તમ શૌચ ધર્મનું વર્ણન કર્યું.

*　　*　　*　　*　　*

# પ્રસાદ નં. ૩૧૨

## ઉત્તમ સત્ય ધર્મ

## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૮, રવિવાર)

આજે દશલક્ષણી ધર્મનો પાંચમો દિવસ છે. એને ઉત્તમ સત્ય ધર્મ કહેવાય છે. ધર્મ તે ચારિત્ર છે. ચારિત્ર તે આત્માનો વીતરાગી ભાવ છે. તે ચારિત્રધર્મને ઓળખાવનારાં દશ લક્ષણો છે. આ "દશલક્ષણીપર્વ" કહેવાય છે, તેમાં જે દશ લક્ષણ છે તે મુનિના ચારિત્રધર્મનાં લક્ષણો છે. ચારિત્ર તે મૂળ ધર્મ છે. તે ચારિત્ર જ મોક્ષનું નિકટ સાધન છે. સમ્યગ્દર્શન વગર ચારિત્ર હોય નહિ તેથી ધર્મનું મૂળ દર્શન કહ્યું છે. પણ સમ્યક્દર્શન સહિત ચારિત્ર તે જ મુખ્ય ધર્મ છે. મુનિદશામાં ચારિત્ર હોય તેને આવા દશ ધર્મો હોય છે. તેમાં અહીં પાંચમા ઉત્તમ સત્ય ધર્મનું વર્ણન કરે છે.

ગાથા ૩૯૮

શુદ્ધ આત્મા ચિદાનંદસ્વરૂપ છે. તેમાં વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરવાનું જે બતાવે તે વીતરાગી વચનો છે. જેવાં સ્વયંસિદ્ધ તત્ત્વો છે તેવાં જ જાણીને કહે તેને સત્ય ધર્મ કહે છે. પણ તેમાં જે વાણી છે તે તો જડ છે, તેમાં કાંઈ સત્ય ધર્મ નથી, ને સત્યવાણી બોલવાનો વિકલ્પ તે પણ શુભરાગ છે, તે પણ ખરેખર ધર્મ નથી. પણ અંતરમાં તેવું યથાર્થ સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને વીતરાગભાવ પ્રગટ કરે તેનું નામ ઉત્તમ સત્ય ધર્મ છે.

પોતાથી ન પાળી શકાતું હોય માટે ધર્મનું સ્વરૂપ બીજી રીતે મુનિ મનાવી દે—એમ ન બને; પોતાથી ન થઈ શકતું હોય તો પણ જિનવચન અનુસાર જેમ હોય તેમ જ જાણે અને કહે. પૂરું પાળી ન શકાય તો તેટલી પોતાની સદોષતા છે એમ સમજે. મુનિને સહજ સ્વરૂપમાં એકાગ્રતા વડે ઘણી વીતરાગતા થઈ ગઈ છે ને બહારમાં સહેજે વસ્ત્રાદિ રહિત દશા થઈ જાય છે. ત્રણે કાળે વીતરાગી સંતોનો માર્ગ અંતર ને બાહ્ય નિર્ગ્રંથ હોય છે. આવા માર્ગને ઓળખે પણ વિપરીત ન માને તે સત્ય ધર્મ છે. અંદરમાં અસત્ય કહેવાનો વિકલ્પ પણ ન ઊઠે, ને આચાર વગેરેનું પાલન જેમ હોય તેમ જ કહે, તેવો મુનિનો સત્ય ધર્મ છે.

પોતાના માન આબરૂ ખાતર જિનસૂત્રથી કાંઈ વિપરીત ન કહે. સત્ય એટલે વસ્તુનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જેમ હોય તેમ જાણીને સ્વરૂપમાં ઠરતાં જેટલો

વીતરાગભાવ થાય તેનું નામ સત્યધર્મ છે. મુનિઓ વસ્તુસ્વરૂપની નજીક વર્તે છે, સત્ય એવો જે પોતાનો આત્મા છે તેનાથી મુનિ દૂર વર્તતા નથી, તેનું નામ પરમાર્થ સત્ય ધર્મ છે.

નામસત્ય, સ્થાપનાસત્ય ઇત્યાદિ પ્રકારે સત્યના દશ પ્રકાર છે. તેનું વર્ણન સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૯૮ના ભાવાર્થમાં જોઈ લેવું. તે દસે પ્રકારમાં ખરેખર જેટલો વીતરાગભાવ છે તેટલો જ ધર્મ છે—એમ સમજવું.

એ પ્રમાણે સત્યધર્મનું વર્ણન થયું.

*   *   *   *   *

# પ્રસાદ નં. ૩૧૩

## ઉત્તમ સંયમધર્મ
## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૧૦, સોમવાર)

આજે દશલક્ષણી ધર્મનો છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમ ધર્મનો છે. ચારિત્ર તે ધર્મ છે, ને તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. ચારિત્રધર્મના આ દશ પ્રકાર છે, તેમાં ઉત્તમ સંયમ ધર્મનું વર્ણન કરે છે.

ગાથા ૩૯૯

હું તૃણમાત્રનો પણ છેદ કરી શકું—એવી માન્યતા તો નથી, પણ મુનિ તરણાંના છેદની ઇચ્છા પણ કરતા નથી. એક તરણાના બે કટકા કરવાની કોઈ આત્માની શક્તિ નથી—એવી જેની માન્યતા નથી તેને તો મુનિદશા હોય જ નહિ. મુનિને એક તણખલાને હણવાનો ભાવ પણ ન હોય—એનું નામ સંયમ છે. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું, પરને હણી શકું નહિ ને પરને હણવાનો ભાવ તે મારું સ્વરૂપ નથી—એવું ભાન તો સમ્યગ્દ્રષ્ટિને હોય છે, ને પછી સ્વરૂપમાં ઠરતાં એવો વીતરાગભાવ થયો કે એક તૃણમાત્રને છેદવાની પણ વૃત્તિ ઊઠતી નથી,-એનું નામ ઉત્તમ સંયમ ધર્મ છે. કોઈ જીવને તો મરવાનો ભાવ નથી તેમ જ હું પરને મારી શકું એવી માન્યતા પણ નથી, એ ઉપરાંત અચેતન તરણાના બે કટકા કરી શકું એવી માન્યતા પણ નથી ને તરણાના બે કટકા કરવાની ઇચ્છા પણ થતી નથી—આવો મુનિદશાનો સંયમધર્મ છે. જુઓ, આ ઘણું જૂનું શાસ્ત્ર છે, તેમાં ધર્મનું વર્ણન કર્યું છે. મુનિને ચિદાનંદ સ્વભાવની જતના રાખતાં બહારમાં એક તણખલાને છેદવાની વૃત્તિ પણ નથી ઊઠતી, તેનું નામ સંયમ ધર્મ છે.

મુનિ જીવરક્ષા વિષે તત્પર છે એટલે કે સ્વરૂપની લીનતામાં કોઈપણ જીવને દુઃખ દેવાની વૃત્તિ જ ઊઠતી નથી. છ જીવનિકાય અને પાંચ ઇન્દ્રિય તથા મન—એ બધા પ્રત્યેથી રાગભાવ તૂટી ગયો છે. પરને મારી-બચાવી શકું એવી માન્યતા તો તૂટી ગઈ છે, પણ તે ઉપરાંત પરને મારવાનો વિકલ્પ પણ ઊઠતો નથી, અચેતન તરણાને છેદવાનો વિકલ્પ પણ ઊઠતો નથી,-આવો સંયમધર્મ છે. ચૈતન્યના ભાનસહિતની વીતરાગતાની આ વાત છે.

એ રીતે ધર્માનુપ્રેક્ષામાં આ ધર્મનું વર્ણન કર્યું છે.

(આ સંયમ ધર્મનો વિસ્તાર સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૯૯ના ભાવાર્થમાં વર્ણવ્યો છે. ત્યાંથી જોઈ લેવો.)

એ પ્રમાણે સંયમ ધર્મનું વર્ણન કર્યું.

* * * * *

# પ્રસાદ નં. ૩૧૪

## ઉત્તમ તપ ધર્મ
## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૧૧, મંગળવાર)

આજે દશલક્ષણીપર્વનો સાતમો દિવસ છે, એને ઉત્તમ તપ ધર્મનો દિવસ કહેવાય છે. દશલક્ષણધર્મ છે તે ચારિત્રધર્મના ભેદો છે. વીતરાગમાર્ગ ચારિત્રધર્મને સ્વીકારે છે, તે ચારિત્ર દશલક્ષણધર્મ વડે ઓળખાય છે. ચારિત્ર તે આત્માની વિભાવ પરિણતિરહિત સ્વભાવ પરિણતિ છે. તેનો એક પ્રકાર 'તપ' છે, તેનું વર્ણન કરે છે :-

### ગાથા ૪૦૦

મુનિપણું તે જ તપધર્મની દશા છે. પહેલાં ગૃહસ્થોએ પણ આવી ચારિત્રદશાને ઓળખવી તો જોઈએ ને ! સમ્યક્ચારિત્ર શું છે ને મુનિ કેવા હોય ? તે ઓળખ્યા વિના તો સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન પણ ન રહે.

કેવા મુનિને ઉત્તમ તપધર્મ હોય છે, તે કહે છે. જેને આલોક કે પરલોકના સુખની અપેક્ષા નથી પણ ચૈતન્યના સુખની જ અપેક્ષા છે. પણ પહેલાં જેણે 'ચૈતન્યમાં સુખ છે' એમ જાણ્યું હોય તેને જ ખરી રીતે આલોક-પરલોકના સુખની ભાવના ન હોય. સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ હોય તેને પણ ચૈતન્યના સુખની જ ભાવના છે; અંદર પુણ્ય-પાપ થાય તેને તે આકુળતા જાણે છે, તેની ભાવના તેને નથી. આત્માની પૂર્ણ નિર્મળ મોક્ષદશા તે દેવપદ છે. તેની સાધકદશારૂપ મુનિદશા તે ગુરુપદ છે. એનું સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચને પણ ભાન છે એટલે તેને સમ્યક શ્રદ્ધા-જ્ઞાન હોય છે, પણ હજી વિશેષ ચારિત્રદશા હોતી નથી. મુનિની વિશેષ ચારિત્રદશાનું આ વર્ણન છે. મુનિ તો આત્માના આનંદના અનુભવમાં એવા લીન છે કે આ લોક કે પરલોકના કોઈ ભોગની વાંછા થતી નથી. એવી વાંછારહિત દશાનું નામ તપ છે. અહો ! મુનિદશા તો મહા પવિત્ર છે. તીર્થંકર ભગવાન ધર્મરાજા છે, ને ગણધરદેવ તેમના ધર્મવજીર છે. એવા ગણધરદેવ પણ કહે છે કે **"णमो लोए सव्व साहूणं"** હે સંતો ! તમને મારા નમસ્કાર છે ! જેને ગણધરદેવ નમસ્કાર કરે તે મુનિદશા કેવી હશે !! તે સંતોને કોઈ શત્રુ કે મિત્ર નથી, લોહ ને કંચન પ્રત્યે સમભાવ છે. કોઈ પરચીજને ઇષ્ટ કે અનિષ્ટ તો સમ્યગ્દ્રષ્ટિ પણ માનતા નથી, પણ તેમને અસ્થિરતાના રાગ-દ્વેષની લાગણી થાય છે, મુનિને તો શત્રુ-મિત્રપણાની રાગ-

દ્વેષની લાગણી જ થતી નથી. નિંદા ને પ્રશંસા પ્રત્યે મુનિને સમભાવ છે. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું, સમસ્ત પરપદાર્થો મારાં જ્ઞેય છે—એવા ભાન સહિત વીતરાગભાવ એવો થયો છે કે રાગ-દ્વેષની વૃત્તિ થતી નથી—એવી દશાનું નામ ચારિત્રદશા છે.

તે ચારિત્રદશામાં ઉદ્યમપૂર્વક ઉપયોગને સ્વરૂપમાં જોડી દ્યે તેનું નામ તપ છે. અંતરસ્વરૂપમાં રમણતાનો ઉદ્યમ કરવો ને ઉપયોગને સ્વરૂપમાં થંભાવવો તેનું નામ તપ છે. ચિદાનંદ સહજ સ્વરૂપનો અનુભવ કરવો એટલે કે સ્વરૂપને અનુસરીને ભવવું—પરિણમવું, તેનું નામ ચારિત્રનો ઉદ્યમ છે. બહારમાં ખોરાક છૂટવો તે તો જડની ક્રિયા છે. પણ અંદર ઉપયોગને સ્વરૂપમાં જોડી દેવાનો જે ઉદ્યમ છે તેનું નામ તપ છે. ત્યાં નિમિત્ત તરીકે બહારમાં કાયક્લેશ-ઉપવાસાદિ સહજપણે હોય છે, પણ તે નિમિત્તમાં ખરેખર તપ નથી, તપ તો ઉપયોગને અંતર્મુખ કરીને થંભાવવો તેનું નામ છે. અંતરમાં એકાગ્રતાનો ઉદ્યમ કરવો ને વિભાવપરિણતિને ઉત્પન્ન થવા ન દેવી, તેનું નામ તપ છે. પહેલાં આવા તપની શ્રદ્ધા કરવી જોઈએ. અનંતા તીર્થંકરો થયા, અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ને ભવિષ્યમાં અનંતા થશે, તે બધા ભગવંતોએ કહેલા તપનું આવું સ્વરૂપ છે કે અંતરસ્વભાવનું ભાન કરીને પછી તેમાં એકાગ્રતાનો ઉદ્યમ કરે ને ઉપયોગને સ્વરૂપમાં થંભાવીને વિભાવને મટાડવાનો પ્રયત્ન કરે, તેનું નામ તપ છે. જેટલો ઉપયોગ બહારમાં જાય તેટલો વિભાવ છે, ચૈતન્યસ્વભાવમાં જેટલો ઉપયોગ લીન થયો તેટલો વિભાવનો સંસ્કાર મટી જાય છે, તેનું નામ તપધર્મ છે. પંચમહાવ્રતના શુભરાગમાં ઉપયોગ જાય તે ખરેખર તપ નથી, પણ ઉપયોગને શુભાશુભ રાગથી પાછો વાળીને જોરપૂર્વક શુદ્ધ સ્વરૂપમાં થંભાવે, તેનું નામ તપ છે. આ સિવાય બહારની ક્રિયાને કે રાગને ધર્મ માને તે ભલે મહિના મહિનાના ઉપવાસ કરે તોપણ તે કુતપને ધરનારા છે. એવા કુતપને જે સાચો તપ માને અને તેવા કુતપ કરનારા કુગુરુઓને જે અનુમોદે તે જીવને મિથ્યાત્વનું પ્રતિક્રમણ થતું નથી. સમ્યગ્દર્શન વગર ચારિત્ર નહિ ને ચારિત્ર વિના તપ નહિ.

નિર્વિકલ્પ ચૈતન્યનો અનુભવ થતાં પુણ્ય-પાપનો જ્ઞાતા રહી જાય, તેનું નામ સમ્યગ્દર્શન છે ને પછી ઉપયોગને જોરપૂર્વક સ્વભાવમાં થંભાવી દેવો તેનું નામ ચારિત્ર અને ધર્મ છે. એવી દશામાં ઉત્તમ તપ હોય છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આગળ ૪૭૬ ગાથામાં કહ્યું છે કે ધર્મનું સ્વરૂપ ચાર પ્રકારે વર્ણવાય છે.

(૧) વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. (૨) ક્ષમાદિ દશ પ્રકારે ધર્મ છે.

(૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય તે ધર્મ છે. (૪) જીવની રક્ષારૂપ ધર્મ છે.

એ ચારેમાં પરમાર્થે એક જ વાત છે. એ ચારેયમાં વીતરાગતા તે જ ધર્મ છે. જીવ સ્વભાવમાં દયાદિ રાગની ઉત્પત્તિ જ ન થવી તેનું નામ જીવદયા છે, ને તે જ અહિંસાધર્મ છે.

વીતરાગી ચૈતન્યસ્વભાવ તે ધર્મ છે. તેને ભેદથી કહો તો ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ છે, પણ તેમાં રાગને જે ધર્મ માને તે તો મિથ્યાત્વનું આરાધન કરે છે. રાગરહિત ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી જેટલો વીતરાગભાવ થાય તેટલો ધર્મ છે. તેને ઉત્તમ ક્ષમા કહો, ઉત્તમ તપ કહો, અહિંસા કહો;–તે વીતરાગભાવ જ ધર્મ છે.

એ રીતે ઉત્તમ તપ ધર્મનું વર્ણન કર્યું.

*     *     *     *     *

# પ્રસાદ નં. ૩૧૫

## ઉત્તમ ત્યાગ ધર્મ

## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૧૨, બુધવાર)

અત્યારે સનાતન જૈનશાસનના પર્યુષણ ચાલે છે. તેમાં આજે દશલક્ષણીધર્મનો આઠમો દિવસ છે, તેનું નામ ઉત્તમ ત્યાગ ધર્મ છે.

આત્મા એક અને તેના ધર્મ દશ, તે તો વ્યવહારથી છે. વ્યવહારથી આત્માનો આશ્રય કરતાં પર્યાય અભેદ થઈને નિર્મળ થાય છે. તેમાં નિમિત્તના આ દશ પ્રકાર છે. પૂર્વે કેવા પ્રકારનો વિકલ્પ હતો તેનું જ્ઞાન કરાવવાના આ દશ પ્રકાર છે. ચારિત્ર તે ધર્મ છે, પણ તે ચારિત્ર કાંઈ ચારિત્રના આશ્રયે પ્રગટતું નથી. ધ્રુવ ચૈતન્યસ્વભાવના આશ્રયે જ ચારિત્રની ઉત્પત્તિ છે. ચારિત્રપર્યાયને આશ્રય તો દ્રવ્યનો છે. દશ પ્રકારના ધર્મો કહ્યા, તેની ઉત્પત્તિ દશ પ્રકારના લક્ષે થતી નથી, પણ અંતરતત્ત્વમાં પ્રવેશ કરીને એક જ્ઞાયક આત્માનો આશ્રય કરતાં તે ધર્મની ઉત્પત્તિ થાય છે. તેને દશ પ્રકારે વર્ણવવામાં આવે છે.

આજે ત્યાગ ધર્મનું વર્ણન છે. રાગનો ત્યાગ કરવો તેપણ ઉપચારથી છે તો પછી આત્મા પરને ગ્રહે કે મૂકે એ વાત ક્યાં રહી ? રાગ-દ્વેષનો ત્યાગ કેમ થાય ? કે ચૈતન્યનો આશ્રય કરતાં રાગની ઉત્પત્તિ થતી નથી, એનું નામ ત્યાગ ધર્મ છે. રાગ થાય અને તેને ટાળવો—એમ નથી. પણ રાગને થવા જ ન દેવો તેનું નામ ત્યાગ છે. ચૈતન્યમાં એકાગ્રતાની અસ્તિ થઈ ત્યાં રાગની નાસ્તિ જ છે, તે નાસ્તિનું નામ જ ત્યાગ છે. રાગને છોડવો—એમ કહેવાય પણ તેનો આશ્રય આ પ્રમાણે સમજવો જોઈએ.

અહીં ત્યાગ ધર્મનું વર્ણન કરે છે.

### ગાથા ૪૦૧

મુનિને વસ્ત્રાદિનો ત્યાગ કરવાનું રહેતું નથી કેમકે તેની પાસે વસ્ત્રાદિ તો હોતાં જ નથી. મુનિને આહારની વૃત્તિ હોય છે, તે આહાર પ્રત્યે મમતાભાવ ન થવા દે તેનું નામ ત્યાગ છે. મુનિ મિષ્ટ ભોજનને છોડે—એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ખરેખર આત્માનો સ્વભાવ તો ત્યાગોપાદાનશૂન્ય છે. તેનામાં કોઈ પરનું ગ્રહણ કરવાનો કે પરને ત્યાગવાનો સ્વભાવ જ નથી. છતાં અહીં કહ્યું કે મુનિ મિષ્ટ ભોજનને છોડે, તેનો આશય મુનિને તે પ્રકારના રાગનો અભાવ હોય છે તે બતાવવાનો છે.

જેને દર્શનશુદ્ધિ થઈ છે એટલે દ્રષ્ટિમાં સર્વરાગનો ત્યાગ જ છે, ને સ્વરૂપમાં એકાગ્ર થતાં કેવા પ્રકારનો વિકલ્પ તૂટ્યો તે બતાવવા તેને 'ત્યાગધર્મ' કહ્યો છે. આહારની વૃત્તિ તોડીને સ્વરૂપમાં ઠર્યા તેણે આહારને છોડ્યો—એમ કહેવાય છે. રાગ-દ્વેષ ઉપજાવનારા ઉપકરણને મુનિ છોડે. શું ઉપકરણ રાગ-દ્વેષ કરાવે છે? ના, તેમ નથી. પણ પોતે સ્વરૂપમાં ઠરીને રાગ-દ્વેષ છોડ્યા ત્યાં રાગ-દ્વેષના નિમિત્તને છોડ્યાં એમ કહેવાય છે. મુનિને વસ્ત્રાદિ નિમિત્તનું લક્ષ તો હોય જ નહિ. માત્ર પીંછી, કમંડળ કે શાસ્ત્ર હોય, તેમાં પણ રાગ ન કરે, તેનું નામ ત્યાગ છે. નિમિત્તના ભેદથી દશ પ્રકાર પાડ્યા છે. પણ ધર્મનો તો એક જ પ્રકાર છે કે અંતરમાં એકાગ્રતાથી જેટલો રાગરહિત નિર્મળ ભાવ પ્રગટ્યો તેટલો ધર્મ છે. આવા ભાનપૂર્વક દશધર્મને જાણે તો સાચું જ્ઞાન થાય છે. જ્ઞાયકસ્વરૂપમાં ઠરતાં રાગ છૂટે, ને રાગ છૂટતાં નિમિત્તને છોડ્યાં કહેવાય.—એટલે જ્ઞાયકસ્વરૂપનો આશ્રય કરવો તે જ ખરો ત્યાગધર્મ છે. બહારનું છોડું એવી વૃત્તિ તો રાગ છે, તેને ધર્મ માને તો મિથ્યાત્વ થાય છે. રાગને છોડવાની બુદ્ધિ તે પણ પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ છે. સ્વભાવનો ઉગ્ર આશ્રય કરતાં રાગની ઉત્પત્તિ ન થઈ, ને પહેલાંનો રાગ છૂટ્યો—તેને ત્યાગધર્મ કહેવાય છે. આવું સર્વજ્ઞ ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ છે. આ સિવાય બહારનું હું છોડું તો રાગ છૂટે—એવી જેની માન્યતા છે તેને ખરો ત્યાગધર્મ તો થતો નથી પણ સમ્યક્ત્વનો ત્યાગ થાય છે.

ચૈતન્ય જ્ઞાયકસ્વભાવમાં સ્થિર થતાં રાગ છૂટે તેનું નામ ત્યાગ ધર્મ છે, ને તેણે આહારાદિ નિમિત્તને છોડ્યાં એમ કહેવું તે ઉપચારનું કથન છે.

એ પ્રમાણે ત્યાગ ધર્મનું વર્ણન કર્યું.

*    *    *    *    *

# પ્રસાદ નં. ૩૧૯

## ઉત્તમ અકિંચન્ય ધર્મ
## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૧૩, ગુરુવાર)

આજે દશલક્ષણી ધર્મનો નવમો અકિંચન્યધર્મ છે. ધર્મ તે ચારિત્ર છે, તે ચારિત્ર દશલક્ષણધર્મથી ઓળખાય છે. ચારિત્રને ઓળખવાના આ દશ લણક્ષો છે. વીતરાગમાર્ગમાં મોક્ષનું કારણ ચારિત્ર છે. તે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. આ દશલક્ષણ પર્વ વર્ષમાં ૩ વાર આવે છે. માહ, ચૈત્ર ને ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધી, તેમાં અત્યારે ભાદરવા મહિનામાં વિશેષપણે ઉજવાય છે. દશ પ્રકારના ભેદના આશ્રયે આ ધર્મ પ્રગટતા નથી, પણ અભેદ આત્માના આશ્રયે પ્રગટે છે. ચારિત્રગુણના ભેદના આશ્રયે ધર્મ પ્રગટતો નથી પણ અભેદના આશ્રયે પ્રગટે છે. તેમાં ઉત્તમ અકિંચન્યધર્મનું વર્ણન કરે છે:-

ગાથા ૪૦૨

મુનિને વસ્ત્ર, આભૂષણ વગેરેનો પરિગ્રહ ત્રણકાળમાં હોતો નથી, ને અંદરમાં રાગ ઘણો ટળીને ઉપશમરસમાં લીન થઈ ગયા છે, એવા નિર્ગ્રંથ સંતો અંતરમાં ઠરીને હીમ જેવા થઈ ગયા છે. ત્રણ કષાયનો નાશ થઈને ઉપશમરસના બિંબ થઈ ગયા છે. એવા મુનિને વસ્ત્રાદિનો પરિગ્રહ તો નિમિત્તપણે પણ હોતો જ નથી. વસ્ત્રાદિનો રાગ હોય ત્યાં મુનિદશા રહેતી નથી. મુનિએ વસ્ત્રાદિ પરિગ્રહ તો છોડેલા જ છે, પણ મુનિપણાને યોગ્ય એવા જે શિષ્યો કે પુસ્તક વગેરે હોય તેમાં પણ મમત્વ—પરિણામ હોતા નથી. કાંઈપણ પરિગ્રહ મારો નથી—એક રજકણ કે રાગ પણ મારો નથી—એવું ભાન તો હતું, ને હવે તો ચારિત્રમાં ઘણો વીતરાગભાવ પ્રગટતાં ઇચ્છાની વૃત્તિ તૂટી ગઈ, પરિગ્રહની મમતાનો ભાવ તૂટી ગયો.—એવો મુનિનો અકિંચન્ય ધર્મ છે. આ મારો શિષ્ય—એવી બુદ્ધિ તો નથી. પણ આ શિષ્ય વિહારમાં મારી સાથે રહેશે કે નહિ—એવો મમત્વભાવનો વિકલ્પ પણ ન ઊઠે - તેનું નામ અકિંચન્યધર્મ છે. મુનિને મમતા હોતી નથી. ક્ષણે ક્ષણે પરમાત્માને સ્પર્શે છે, આનંદમાં ઝૂલે છે. ત્યાં શિષ્ય, મકાન, દેહ, પુસ્તક, પીંછી—એવા પરિગ્રહ પ્રત્યે મૂર્છા થતી નથી. સ્વરૂપના આનંદમાં રાગની વૃત્તિ જ નથી ઊઠતી ને જ્ઞાતાદ્રષ્ટામાં ઝૂલે છે તેનું નામ અકિંચન્યધર્મ છે.

મુનિ લોકવ્યવહારથી વિરક્ત છે. લોક સાથે સંસર્ગ નથી, ને સ્વભાવમાં લીનતા વર્તે છે. એવા ભાવલિંગી મુનિને અંદરમાં રાગની વૃત્તિ તૂટી ગઈ છે. હું જ્ઞાતાદ્રષ્ટા છું એવું ભાન તો સમ્યગ્દ્રષ્ટિને છે પણ અંતરમાં વિશેષ લીનતા નથી. પછી મુનિદશા થતાં તો અંતરમાં એવી લીનતા થઈ કે અંદર કે બહાર પરિગ્રહની ગાંઠ નથી.—આવી મુનિદશા વિના ત્રણકાળમાં ચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી. સ્વભાવમાં લીનતા થતાં શુભાશુભ પરિણામથી પણ વિરક્ત છે, ને જગતના સંગથી પણ વિરક્ત છે. આવી વીતરાગીદશા વર્તે તેને ઉત્તમ આકિંચન્ય ધર્મ કહે છે.

એ રીતે ઉત્તમ આકિંચન્ય ધર્મનું વર્ણન કર્યું.

* * * * *

# પ્રસાદ નં. ૩૧૭

## ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ

## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

(ભાદરવા સુદ ૧૪, શુક્રવાર)

આજે દશલક્ષણી ધર્મમાં ઉત્તમ બ્રહ્મચર્યનો દિવસ છે. બ્રહ્મ એટલે ચિદાનંદસ્વરૂપ આત્મા, તેના સ્વરૂપમાં ચરવું—લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ છે. તેનું વર્ણન કરે છે:-

### ગાથા ૪૦૩

મુખ્યપણે મુનિની પ્રધાનતાથી વર્ણન છે, પેટામાં ગૃહસ્થો આવી જાય છે. મુનિને સર્વવિરતિરૂપ પૂર્ણ બ્રહ્મચર્ય હોય છે ને ગૃહસ્થને આત્મભાન સહિત દેશવિરતિરૂપ અંશે બ્રહ્મચર્ય હોય છે. સ્ત્રીના સંગ તરફની વૃત્તિ જ ઉત્પન્ન ન થાય એવી આત્માના સ્વરૂપની લીનતા તે બ્રહ્મચર્ય ધર્મ છે. અંતરના ચૈતન્યસ્વભાવને જોનાર, સ્ત્રી આદિને નીરખવાના રાગની ઉત્પત્તિ થવા ન દે. વળી કામ વગેરે કથાનો રાગ ન કરે, વિષયોને સ્મરણમાં ન લાવે, વિષયોની પ્રેરણા કે અભિલાષા ન થવા દે. એવી વીતરાગીદશા થાય તેનું નામ બ્રહ્મચર્ય છે. પૂર્વે ચક્રવર્તી હોય કે કામદેવ હોય ને મુનિ થયા હોય તે મુનિ પૂર્વના ભોગને રાગથી યાદ ન કરે. મન-વચન-કાયાથી અને કૃત-કારિત-અનુમોદના—એમ નવધા બ્રહ્મચર્ય મુનિને હોય છે.

બ્રહ્મ એટલે આત્મા. તેમાં જે લીન હોય તેને બ્રહ્મચર્ય જાણવું. પરદ્રવ્યમાં લીનતા તે અબ્રહ્મચર્ય છે. ને તે લીનતામાં સ્ત્રી મુખ્ય છે. માટે સ્ત્રીની મુખ્યતાથી કહ્યું કે સ્ત્રીઆદિ પરવિષયમાં લીન થવું તે અબ્રહ્મચર્ય છે. મુનિદશાનું પૂરું બ્રહ્મચર્ય પુરુષને જ હોય છે, માટે તેને ઉદ્દેશીને વાત કરી છે. અબ્રહ્મચર્ય—વિષયાદિનું નિમિત્ત મુખ્યપણે સ્ત્રી છે, માટે સ્ત્રી આદિનો સંગ—પરિચય છોડીને જે પોતાના બ્રહ્મસ્વરૂપમાં લીન થાય તેને સાચું બ્રહ્મચર્ય હોય છે. જે પોતે બ્રહ્મચારી હોય તે બીજાને પણ અબ્રહ્મનું અનુમોદન ન આપે. જેને જે રુચ્યું તે પોતા માટે, બીજા માટે ને બધાયને માટે અનુમોદે છે. હું બ્રહ્મચારી થયો—મારા સ્વરૂપમાં લીન થયો, તો જગત પણ સ્વરૂપમાં લીન થાવ—બ્રહ્મચારી થાવ, એમ પોતાનો ભાવ હોય પણ પોતે બ્રહ્મચારી હોય ને બીજાને અબ્રહ્મનો ઉપદેશ કરે એમ બને નહીં. પછી બીજા જીવો બ્રહ્મચર્ય પાળે કે ન પાળે તે તેના ઉપર રહ્યું, પણ બ્રહ્મચારીનો ભાવ તો એવો જ હોય કે બધાયને માટે બ્રહ્મચર્ય કરવા જેવું છે.

શૂરવીર તો તે છે કે જે જીવો સ્ત્રીઓના કામકટાક્ષના બાણથી વિંધાતા નથી ને કામને જીતી લ્યે છે. બીજા લડાઈ વગેરેને જીતનારાને લોકો શૂરવીર કહે છે, પણ તે તો કામથી જીતાયેલા છે. તે ખરેખર શૂરવીર નથી.

રાગ તે હિંસા છે, વીતરાગતા તે જ અહિંસાધર્મ છે. દશલક્ષણધર્મ કહ્યા તેમાં જે વીતરાગભાવ છે તે જ નિયમથી ધર્મ છે. આજે ઉત્તમ બ્રહ્મચર્યનો દિવસ છે. બ્રહ્મસ્વરૂપ આત્માને ઓળખી, અબ્રહ્મનો રાગ ટાળીને જે સ્વરૂપમાં લીન થાય તેને ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ છે, ને તે કેવળજ્ઞાન પામીને મોક્ષ પામે છે.

એમ દશલક્ષણ ધર્મનું વર્ણન પુરું થયું.

*　　*　　*　　*　　*

# પ્રસાદ નં. ૩૧૮

## (ઉત્તમ ક્ષમાવણી દિન)

(ભાદરવા વદ ૧, રવિવાર)

ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચેલું નિયમસાર વંચાય છે. તેની ટીકા પદ્મપ્રભમલધારિદેવે કરી છે, તેઓ જંગલમાં વસનારા આત્માનંદમાં ઝૂલનારા ભાવલિંગી સંત હતા.

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો.
મનપૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેંહિ ઉદાસિ લહી સબપેં.
સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપી કછુ હાથ હજૂ ન પર્યો.
અબ ક્યોં ન બિચારત હે મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં;
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગળ હૈં કહ બાત કહે ?

(શ્રીમદ્‌જી)

આત્માના ભાન વિના આ બધું કર્યું પણ તેને ભગવાન સત્ક્રિયા કહેતા નથી. અંતરમાં ચૈતન્ય સ્વભાવ પડ્યો છે, તેના આશ્રયે થતી ક્રિયા તે જ સત્ક્રિયા છે. શાસ્ત્ર જાણ્યાં ને ત્યાગી થઈને વનમાં વાસ કર્યો, તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયો ને સ્વર્ગમાંથી નીકળી પાછો ચાર ગતિમાં પડ્યો. માટે તે સત્ક્રિયા નથી. આ શાસ્ત્રમાં કહેલી સત્ક્રિયા કરે તો મોક્ષ થયા વિના રહે નહીં.

છ:ઢાળામાં પણ કહ્યું છે કે :-

**मुनिव्रत धार अनंतबार ग्रीवक उपजायो ।**
**पै निज आतमज्ञान बिना सुख लेश न पायो ।।**

બધા સંતોએ એ જ વાત કરી છે.

અહીં ટીકાકાર મુનિરાજ આ નિયમસાર પરમાગમનો ઉપોદ્‌ઘાત કરતા કહે છે કે સૂત્રકાર ભગવાને આ શાસ્ત્રમાં સત્ક્રિયાઓનું વર્ણન કર્યું છે. સત્ક્રિયા કોને

કહેવી ? —જેનાથી મોક્ષ મળે તેવી ક્રિયા કોને કહેવી ? તેનું આમાં વર્ણન છે. જે સત્ક્રિયા જીવે અનંતકાળમાં નથી કરી તે સત્ક્રિયા આચાર્યદેવે આ શાસ્ત્રમાં બતાવી છે.

કુંદકુંદ ભગવાને આ મહાન શાસ્ત્ર રચ્યું છે. તેઓ મહાવિદેહમાં સીમંધર પરમાત્મા પાસે ગયા હતા, ને ત્યાં આઠ દિવસ રહીને પાછા આ ભરતમાં પધાર્યા હતા. તેમણે આ નિયમસાર-સમયસાર વગેરે મહાન શાસ્ત્રોની રચના કરી છે. તેમાંથી આ નિયમસારની ટીકા ભાવલિંગી સંત છઠ્ઠી-સાતમી ભૂમિકાએ આનંદમાં ઝૂલતા મુનિ પદ્મપ્રભમલધારિદેવે કરી છે. તેઓ કહે છે કે આ નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે સત્ક્રિયાઓ કહી છે. બહારની ક્રિયાની વાત નથી, પણ અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપમાં રમણતા થતાં રાગ તૂટી જાય તેનું નામ પ્રત્યાખ્યાનની સત્ક્રિયા છે.

પહેલાં ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે પણ સત્ક્રિયા છે. સમ્યગ્દર્શન પછી નિશ્ચય પ્રત્યાખ્યાન-ભક્તિ વગેરેની સત્ક્રિયા કેવી હોય ? તે આમાં બતાવ્યું છે. જેને સ્વભાવનું ભાન નથી, તે નામથી જૈન છે. ચૈતન્યનો જેવો સ્વભાવ છે, તેને ઓળખીને મોહને જીતે તે જ સાચો જૈન છે.

આચાર્યદેવે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વો ને નવ પદાર્થોનું વર્ણન કર્યું છે; તેને જે ન જાણે તેને સમ્યગ્જ્ઞાન થાય નહિ. જીવને જીવ માને, અજીવને અજીવ માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ માને ને સંવરને સંવર માને, એમ નવે તત્ત્વોને ભિન્ન ભિન્ન ન માને અને અજીવની ક્રિયા જીવ કરે એમ માને, પુણ્યથી ધર્મ થાય એમ માને, તો તેણે નવ તત્ત્વોને ખરેખર માન્યા નથી, ને તેને પ્રત્યાખ્યાનાદિ ધર્મક્રિયા હોતી નથી.

નવે તત્ત્વોને ઓળખે, ચૈતન્ય સ્વભાવને ઓળખે, પછી અંદરમાં એકાગ્રતા કરતાં રાગ ટળી જાય તેનું નામ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા છે, તેનું વર્ણન આચાર્યદેવે આ શાસ્ત્રમાં કર્યું છે. શરીરની ક્રિયા તે જડની ક્રિયા છે, પુણ્યની ક્રિયા તે અસત્ક્રિયા છે, ને ચિદાનંદસ્વભાવી આત્માની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ ક્રિયા તે જ સત્ક્રિયા છે, તેનું વર્ણન આ શાસ્ત્રમાં આવશે.

* * * * *